‘સર’ માં નામ કપાયું હોય તો ફરી નોંધણી કરાવી શકાશે

અગાઉ મતદાર તરીકે નોંધાયેલા હોવા છતાં નવેસરથી ફોર્મ-6 ભરવું ખોટી ઘોષણા ગણાશે નહીં

બીજા મત વિસ્તારમાં નોંધણી ન હોવી જરૂરી

ચૂંટણી પંચની સ્પષ્ટતા મુજબ, મુસદ્દા મતદાર યાદીમાં નામ ન હોય તેવા મતદારોએ અગાઉ નોંધણી કરાવી હતી કે નહીં તેની પરવા કર્યા વિના નિયત પ્રક્રિયા મુજબ ફોર્મ-6 રજૂ કરવાનું રહેશે. જોકે, અરજદારનું નામ અન્ય કોઈ સંસદીય કે વિધાનસભા મતવિસ્તારમાં હાલમાં મતદાર તરીકે નોંધાયેલું ન હોવું જોઈએ અને ફોર્મમાં રજૂ કરેલી વિગતો કાયદા મુજબ યોગ્ય હોવી જરૂરી છે. આ સ્પષ્ટતા દિલ્હી હાઈકોર્ટના નીલોત્પલ દત્તા અને અન્ય વિરુદ્ધ ભારતના ચૂંટણી પંચના 14 ઓક્ટોબર, 2026ના ચુકાદાને પણ અનુરૂપ છે. આમ, ‘સર’ની મુસદ્દા યાદીમાં નામ ન ઘરાવતા અગાઉના મતદારો હવે કાયદાકીય કાર્યવાહીનો ભય રાખ્યા વિના ફોર્મ-6 મારફતે મતદાર યાદીમાં નામ સામેલ કરાવવા માટે અરજી કરી શકશે.

ગાંધીનગર : મતદાર યાદીની ખાસ સઘન સુધારણા (SIR) બાદ પ્રસિદ્ધ થયેલી મુસદ્દા મતદાર યાદીમાં નામ સામેલ ન હોય તેવા મતદારો માટે મહત્ત્વની સ્પષ્ટતા કરવામાં આવી છે. ભારતના ચૂંટણી પંચે જણાવ્યું છે કે મુસદ્દા યાદીમાંથી બાકાત રહી ગયેલા અગાઉના મતદારો પણ હવે ફોર્મ-6 ભરીને આખરી મતદાર યાદીમાં પોતાનું નામ સામેલ કરાવી શકશે. ખાસ કરીને અગાઉ મતદાર તરીકે નોંધાયેલા હોવા છતાં નવેસરથી ફોર્મ-6 ભરવાથી ખોટી ઘોષણા થશે અને કાયદાકીય કાર્યવાહીનો સામનો કરવો પડશે તેવી મતદારોની આશંકા ચૂંટણી પંચે દૂર કરી છે. ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે માત્ર અગાઉ મતદાર તરીકે નોંધાયેલા હોવાના આધારે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, 1950ની કલમ-31 હેઠળ કોઈ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં.

‘સર’ની પ્રક્રિયા દરમિયાન વિવિધ કારણોસર અનેક મતદારોનાં નામ મુસદ્દા યાદીમાં સામેલ થઈ શક્યાં નથી. ત્યારબાદ મતદારોમાં એવી મૂંઝવણ ઊભી થઈ હતી કે ફોર્મ-6માં પ્રથમ વખત મતદાર તરીકે નામ નોંધાવવાની ઘોષણા કરવાની હોવાથી અગાઉ નોંધાયેલા મતદારો આ ફોર્મ ભરે તો તેમની સામે ખોટી માહિતી આપવા બદલ કાયદાકીય કાર્યવાહી થઈ શકે છે. જોકે, ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી છે કે ફોર્મ-6માં કરવામાં આવતી ઘોષણા 1 ઓગસ્ટ, 2022થી અમલમાં છે અને તેનો હેતુ વર્તમાન મતદાર યાદીમાં નામ સામેલ કરવાનો છે. અગાઉ મતદાર તરીકે નોંધાયેલા હોવા માત્રથી આ ઘોષણા ખોટી ઠરતી નથી.

શાહીબાગ BAPS સ્વામિનારાયણ મંદિરમાં પ્રબોધિની એકાદશીએ શાકોત્સવની ઉજવણી

અમદાવાદ : અમદાવાદના શાહીબાગ સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં આજે 21 નવેમ્બર, 2026ના રોજ પ્રબોધિની એકાદશીના પવિત્ર અવસરે ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાતુર્માસના અંતે યોજાયેલા આ વિશિષ્ટ ઉત્સવમાં ભગવાન સમક્ષ વિવિધ પ્રકારનાં શાકભાજી અને ફળોની ભવ્ય તથા કલાત્મક હાટડી તૈયાર કરવામાં આવી હતી. પૃથ્વીને અનેકવિધ શાકભાજી અને ફળોથી સમૃદ્ધ કરી સમગ્ર માનવજાત પર કૃપા વરસાવનાર પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાના ભાવ સાથે શાકોત્સવની ઉજવણી કરવામાં આવે છે. બી.એ.પી.એસ.નાં વિવિધ સ્વામિનારાયણ મંદિરોમાં દર વર્ષે આ ઉત્સવ ભક્તિભાવ અને ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવે છે. શાહીબાગ મંદિરમાં ભગવાન સમક્ષ સેંકડો પ્રકારનાં શાકભાજી અને ફળોને સુંદર રીતે ગોઠવી આકર્ષક હાટડી તૈયાર કરવામાં આવી હતી.

નેપાળના વડા પ્રધાન બાલેન શાહની મુલાકાત ભારત માટે બહુ મહત્ત્વની બની રહેશે



ભારતને તેની ચારેય દિશામાં નઠારા પડોશીઓ મળ્યા છે. ઉત્તર દિશામાં આવેલું નેપાળ ક્યારેક ભારતનું મિત્ર બની જાય છે તો ક્યારેક તેને દુશ્મન બનતાં વાર નથી લાગતી. નેપાળના રાજકારણીઓને ભારત સરકાર સાથે જરાક પણ વાંકું પડે ત્યારે તેઓ ચીનની સોડમાં ચાલ્યા જાય છે અને ભારત સામે ઘૂરકિયાં કરે છે. જો કે, નેપાળની બહુમતી પ્રજા હિંદુ હોવાથી ભારત સાથેનો તેનો નાતો બહુ જૂનો છે. નેપાળમાં સત્તા પરિવર્તન થયા પછી રાજદ્વારી વર્તુળોમાં ઉત્સુકતા હતી કે વડા પ્રધાન બાલેન શાહ ક્યારે ભારતની મુલાકાત લેશે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ માર્ચમાં તેમને આમંત્રણ આપ્યું હતું અને બાલેન શાહે તેનો સ્વીકાર કર્યો હતો. જો કે, મુલાકાતની તારીખો અંગે અનિશ્ચિતતા ઘણા મહિનાઓ સુધી ચાલુ રહી હતી. આ વિલંબને કારણે બંને દેશો વચ્ચેના સંબંધોમાં થોડો તણાવ પણ સર્જાયો હતો. હવે, ૨૨ અને ૨૩ નવેમ્બરના રોજ બાલેન શાહની ભારત મુલાકાતની સત્તાવાર પુષ્ટિ સાથે આ અટકળો પર વિરામ લાગી ગયો છે.

બાલેન શાહ એક રેપ સિંગર છે, જે રાજધાની કાઠમંડુના મેયર બન્યા હતા અને યુવા ચળવળને પગલે ચૂંટણી દ્વારા સત્તામાં આવ્યા હતા. નેપાળ અને નેપાળની બહારના નિષ્ણાતો તેમને એક અપરંપરાગત રાજકારણી માને છે. નેપાળમાં છેલ્લી સામાન્ય ચૂંટણીઓમાં રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીએ સત્તાના રાજકારણમાં નિર્ણાયક સ્થાન મેળવ્યું હોવાથી કેટલાક પક્ષના નેતાઓ માને છે કે નેપાળમાં ભારત વિરોધી રાષ્ટ્રવાદનો યુગ સમાપ્ત થઈ ગયો છે. માર્ચ ૨૦૨૬ માં સત્તા સંભાળનારા બાલેન શાહે ભોટેકોશી નદીમાં આવેલાં વિનાશક પૂર પછી વૈશ્વિક મંચ પર નેપાળનો દૃષ્ટિકોણ રજૂ કરવા માટે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં હાજરી આપી હતી. એવું કહેવાય છે કે સત્તા સંભાળ્યા પછી તરત જ તેમણે ભારતનું આમંત્રણ સ્વીકાર્યું હતું અને હવે તેમણે પોતાની દ્વિપક્ષીય વિદેશ મુલાકાતના પ્રથમ પડાવ તરીકે ભારતને પસંદ કર્યું છે. રાજદ્વારી નિષ્ણાતો કહે છે કે બાલેન શાહની સત્તાવાર મુલાકાત પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે. નેપાળના લગભગ તમામ વડા પ્રધાનો ભારતની મુલાકાત દ્વારા તેમની વિદેશ યાત્રાનો પ્રારંભ કરતા હોય છે. જો કે, ૨૦૨૪ માં કેપી શર્મા ઓલીએ પ્રથમ વખત ચીનની મુલાકાત લઈને આ પરંપરા તોડી હતી.

બાલેન શાહની ભારત મુલાકાત આ પરંપરાગત રાજદ્વારી વ્યવસ્થાને ફરીથી સ્થાપિત કરવા અને બંને દેશો વચ્ચેના સંબંધોમાં તણાવને ઉકેલવા માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. ૨૩ નવેમ્બરના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બાલેન શાહ વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો યોજાશે. ભારત માટે નેપાળ ફક્ત એક પડોશી દેશ નથી, પરંતુ તેના ઉત્તરીય સુરક્ષા તંત્રનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. ભારત અને નેપાળ લગભગ ૧,૮૫૦ કિલોમીટરની સરહદ ધરાવે છે. બંને દેશો ઊંડા સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોથી જોડાયેલા છે. નેપાળની રાજકીય સ્થિરતા અને ભારત પ્રત્યે તેની સરકારનું વલણ ભારતની આંતરિક સુરક્ષા અને તેની હિમાલય પર્વત આસપાસની સરહદોની વ્યૂહાત્મક સ્થિતિ ઉપર સીધી અસર કરે છે. આ સમગ્ર સમીકરણમાં ચીનની ભૂમિકાને અવગણી શકાય નહીં. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ચીને માળખાગત સુવિધાઓ, માર્ગ, રેલ, ઊર્જા અને આર્થિક રોકાણો દ્વારા નેપાળમાં તેની હાજરીને મજબૂત કરવાનો પ્રયાસ કર્યો છે. નેપાળનું ભૌગોલિક સ્થાન તેને ભારત અને ચીન બંને માટે વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ બનાવે છે.

બાલેન શાહની નવી સરકાર સાથે મજબૂત રાજકીય અને આર્થિક ભાગીદારી સ્થાપિત કરવી એ ભારતની ‘પડોશી પ્રથમ’ નીતિ માટે એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હશે. ભારત નેપાળની વિકાસ જરૂરિયાતોમાં તેની ભૂમિકા સૌથી અસરકારક અને વિશ્વસનીય રહે તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરશે. આ મુલાકાતના એજન્ડામાં હવાઈ જોડાણ પણ એક મુખ્ય મુદ્દો છે. નેપાળ લાંબા સમયથી ભૈરહવા, પોખરા અને અન્ય આંતરરાષ્ટ્રીય એરપોર્ટ માટે ભારતીય હવાઈ માર્ગ દ્વારા વધારાના પ્રવેશમાર્ગોની માંગણી કરી રહ્યું છે. મહેન્દ્રનગર અને ભૈરહવા દ્વારા સંભવિત હવાઈ માર્ગો પર ચર્ચા ચાલી રહી છે. મહેન્દ્રનગર માર્ગ અંગે ભારતીય ભાવના સકારાત્મક હોવાના અહેવાલો છે. આ મુદ્દો સીધી રીતે નેપાળના આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન વ્યવસાય, પર્યટન અને આર્થિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ છે. આ મુદ્દો ભારત માટે પણ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે નેપાળ દ્વારા ભારતના હવાઈ ક્ષેત્રનો ઉપયોગ અને તેની તકનીકી વ્યવસ્થામાં સુરક્ષા બાબતોનો સમાવેશ થાય છે.

આ મુલાકાતનું બીજું મુખ્ય વ્યૂહાત્મક પાસું ઊર્જા સહયોગ છે. નેપાળમાં જળવિદ્યુત ઉત્પાદન માટે અપાર સંભાવનાઓ છે, જ્યારે ભારતને તેની વધતી જતી અર્થવ્યવસ્થા અને ઔદ્યોગિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે સતત વધતી જતી ઊર્જાની જરૂર છે. નેપાળ પહેલાથી જ ભારતમાં વીજળી નિકાસ કરે છે અને આ વ્યવસાયને વધુ વિસ્તૃત કરવા માંગે છે. નેપાળના જળવિદ્યુત ક્ષેત્રમાં ભારતીય કંપનીઓ અને જાહેર ક્ષેત્રના ઉપક્રમોની ભાગીદારી બંને દેશો માટે લાંબા ગાળાના લાભો પ્રદાન કરી શકે છે. આ સંદર્ભમાં પંચેશ્વર બહુહેતુક પ્રોજેક્ટ પણ મહત્ત્વપૂર્ણ છે. જો કે બંને દેશો વચ્ચે પાણીની વહેંચણી અને પ્રોજેક્ટના ફાયદાઓ અંગે મતભેદો રહે છે. નેપાળ ભારત પાસે લગભગ બે અબજ ડોલરના આર્થિક સહાય પેકેજની પણ માંગણી કરી રહ્યું છે.

આમાં પૂરગ્રસ્ત વિસ્તારોના પુનર્નિર્માણ, અનુદાન અને રાહત લોન માટેના પ્રસ્તાવોનો સમાવેશ થાય છે. રેલવે, રસ્તા, પેટ્રોલિયમ પાઇપલાઇન અને સરહદ ચોકીઓ જેવા પ્રોજેક્ટો પણ દ્વિપક્ષીય સહયોગનાં મહત્ત્વપૂર્ણ ઘટકો છે. અયોધ્યા અને જનકપુર વચ્ચે સીધા રેલવે જોડાણનો પ્રસ્તાવ ધાર્મિક પ્રવાસનને વેગ આપી શકે છે અને બંને દેશો વચ્ચેના જાહેર સંબંધોને મજબૂત બનાવી શકે છે. આ મુલાકાતનો બીજો મહત્ત્વપૂર્ણ મુદ્દો સરહદ વિવાદ છે. કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરા જેવા વિસ્તારો પર બંને દેશો વચ્ચે લાંબા સમયથી મતભેદો છે. વધુમાં, અગ્નિવીર પ્રોજેક્ટ પછી નેપાળી ગોરખા સૈનિકોને ભારતીય સેનામાં ભરતી કરવાનો મુદ્દો, વેપાર અસંતુલન અને પંચેશ્વર પ્રોજેક્ટ પણ એવા મુદ્દાઓ છે, જેના માટે નક્કર ઉકેલોની જરૂર છે.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (RSP) ના પ્રમુખ રવિ લામિછાને અને નેતા બાલેન શાહને ગયા ફેબ્રુઆરીમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં બે તૃતીયાંશ બેઠકો જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. એવા અહેવાલો પણ હતા કે સત્તા સંભાળ્યા પછી તરત જ બાલેન શાહે પ્રોટોકોલનો હવાલો આપીને ભારતીય વિદેશ સચિવને મળવાનો સમય આપ્યો ન હતો, જેના કારણે વિદેશ સચિવની કાઠમંડુ મુલાકાત પણ રદ કરવી પડી હતી. ભારતમાં બાલેન શાહ વિશે ખૂબ ઓછી માહિતી છે. બાલેન શાહનાં ભૂતકાળનાં કેટલાંક જાહેર નિવેદનોએ ભારતમાં શંકાનું વાતાવરણ ઊભું કર્યું છે. તેઓ ભારતમાં બહુ જાણીતા વ્યક્તિ નથી. ભારતની આ મુલાકાત રાજકીય અને વિદેશ નીતિના મોરચે તેમની પહેલી મોટી કસોટી હશે. નેપાળી સંસદમાં સરહદ વિવાદની ચર્ચા દરમિયાન તેમની પૃષ્ઠભૂમિ અને તેમનાં નિવેદનોને જોતાં તેમણે ગ્રેટર નેપાળની વાત કરી હતી. જો તેમની કલ્પનાનું ગ્રેટર નેપાળ બને તો તેમાં ભારતની ભૂમિનો પણ સમાવેશ થઈ જાય તેમ છે. અન્ય વિદેશી નેતાઓની જેમ, તેમણે પણ ભારતની આકરી ટીકા કરી છે. આ જ કારણ છે કે ભારતમાં તેમના વિશે એક પ્રકારનો અવિશ્વાસ છે. તેમના વ્યક્તિત્વ વિશે રહસ્યની ભાવના પણ છે. તે જ સમયે, તેમને જાણવા અને સમજવાની ઉત્સુકતા પણ છે.

એ સ્પષ્ટ છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બાલેન શાહ વચ્ચેની મુલાકાતનો વ્યાપ સરળ રાજદ્વારી ઔપચારિકતાઓ કરતાં ઘણો મોટો છે. ભારત પાસે નેપાળ સાથેના તેના ઐતિહાસિક સંબંધોને નવી આર્થિક અને વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત કરવાની તક છે. બાલેન શાહ સામે એ દર્શાવવાનો પડકાર છે કે તેમની નવી સરકાર નેપાળનાં રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરતી વખતે ભારત સાથેના સંબંધોને પરિણામલક્ષી દિશા આપી શકે છે. હિમાલય ક્ષેત્રમાં ચીનની વધતી જતી પ્રવૃત્તિ વચ્ચે નેપાળ સાથે ભારતની મજબૂત ભાગીદારી ફક્ત દ્વિપક્ષીય સંબંધોનો મુદ્દો નથી, પરંતુ સમગ્ર દક્ષિણ એશિયામાં શક્તિ સંતુલનનો પ્રશ્ન પણ છે. આ જ કારણ છે કે ૨૩ નવેમ્બરે નવી દિલ્હીમાં યોજનારી વાટાઘાટો પર કાઠમંડુથી બેઇજિંગ સુધી નજીકથી નજર રાખવામાં આવશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

બાલેન શાહે સત્તા સંભાળ્યા પછી તરત જ પ્રોટોકોલનો હવાલો આપીને ભારતીય વિદેશ સચિવને મળવાનો સમય આપ્યો ન હતો, જેના કારણે વિદેશ સચિવની મુલાકાત રદ કરવી પડી હતી

અનુસ્નાતક MD/MS અને ડિપ્લોમામાં બીજા રાઉન્ડની ચોઈસ ફિલિંગનો પ્રારંભ

24 નવેમ્બર સાંજે 4 વાગ્યા સુધી વિદ્યાર્થીઓ કરી શકશે ચોઈસ ફિલિંગ

ગાંધીનગર : અનુસ્નાતક કક્ષાના MD/MS અને ડિપ્લોમા મેડિકલ કોર્સમાં પ્રવેશ માટે બીજા રાઉન્ડની ચોઈસ ફિલિંગ પ્રક્રિયાનો આજથી પ્રારંભ થયો છે. પ્રવેશ મેળવવા ઇચ્છુક વિદ્યાર્થીઓ 24 નવેમ્બર સાંજે 4 વાગ્યા સુધી ઓનલાઈન ચોઈસ ફિલિંગ કરી શકશે. જ્યારે સાંજે 6 વાગ્યા સુધી ભરેલી ચોઈસ જોઈ શકાશે. પ્રવેશના બીજા રાઉન્ડમાં પ્રથમ રાઉન્ડ બાદ નોન-કન્વર્ટેડ અને નોન-રિપોર્ટેડ રહેલી બેઠકો ઉપરાંત નવી ઉમેરાયેલી બેઠકો તેમજ પ્રથમ રાઉન્ડ બાદ રદ કરવામાં આવેલી બેઠકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો પ્રમાણે પ્રથમ રાઉન્ડ બાદ 359 નોન-કન્વર્ટેડ બેઠકો અને 862 નોન-રિપોર્ટેડ બેઠકો ઉપલબ્ધ છે. આ ઉપરાંત 305 નવી બેઠકો ઉમેરવામાં આવી છે, જ્યારે 20 બેઠકો રદ કરવામાં આવી છે. આમ, બીજા રાઉન્ડમાં કુલ 1,546 બેઠકો પ્રવેશ માટે ઉપલબ્ધ રહેશે.

શૈક્ષણિક વર્ષ 2026-27 માટે અનુસ્નાતક આયુર્વેદ અને હોમિયોપેથી અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત બીજા રાઉન્ડનું એલોટમેન્ટ જાહેર કરવામાં આવ્યું છે. સરકારી અને સ્વનિર્ભર કોલેજોની MD-MS (Ayurved) તથા MD (Homoeopathy)ની સરકારી અને મેનેજમેન્ટ બેઠકો તેમજ સ્વનિર્ભર આયુર્વેદ અને હોમિયોપેથી સંસ્થાઓની 15 ટકા ઓલ ઇન્ડિયા ક્વોટાની બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

બીજા રાઉન્ડના અંતે આયુર્વેદમાં કુલ 15 બેઠકો અને હોમિયોપેથીમાં કુલ 82 બેઠકો ખાલી રહી છે. આમ, બંને અભ્યાસક્રમોમાં મળીને કુલ 97 બેઠકો હજુ પણ પ્રવેશ માટે ખાલી છે.

પ્રાંતિજના ધારાસભ્યને રાજકીય કારકિર્દી ખતમ કરવાની ધમકી

અમદાવાદની યુવતી બળજબરીપૂર્વક ઘરમાં ઘૂસી ગઇ

પોલીસ પહોંચે તે પહેલાં કાર લઈને ફરાર

અમદાવાદ : સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના નિવાસસ્થાને અમદાવાદની એક યુવતીએ હોબાળો મચાવ્યાની ઘટના સામે આવી છે. અગાઉના વિવાદ અને તે અંગે નોંધાયેલી ફરિયાદના સમાધાનના મુદ્દે યુવતી ધારાસભ્યના ઘરે પહોંચી હતી. આ દરમિયાન યુવતીએ કથિત રીતે બળજબરીપૂર્વક ઘરમાં પ્રવેશ કરી બૂમાબૂમ અને ઉગ્ર બોલાચાલી કરી હતી. આ બનાવ અંગે મળતી માહિતી પ્રમાણે ઘટના બની ત્યારે પ્રાંતિજના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના નિવાસસ્થાને ધારાસભ્યના વૃદ્ધ પિતા સહિત કેટલાક મુલાકાતીઓ પણ ઘરમાં હાજર હતા. ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપ પ્રમાણે, યુવતીએ હોબાળો મચાવવાની સાથે ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારની રાજકીય કારકિર્દી ખતમ કરી નાખવાની ધમકી પણ આપી હતી. યુવતીના અચાનક આ પ્રકારના વર્તનથી ઘરમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો.

આ ઘટનાની જાણ થતાં પોલીસને બોલાવવામાં આવી હતી. જોકે, પોલીસની વાન સ્થળ પર પહોંચે તે પહેલાં જ યુવતી નંબર પ્લેટ વગરની કાર લઈને ત્યાંથી ફરાર થઈ ગઈ હતી. આ મામલે ધારાસભ્યના પિતાએ તલોદ પોલીસ મથકમાં યુવતી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પોલીસે ફરિયાદના આધારે ઘટનાની તપાસ હાથ ધરી છે અને ફરાર યુવતી તેમજ નંબર પ્લેટ વગરની કાર અંગે વિગતો મેળવવાની કાર્યવાહી શરૂ કરી છે. અગાઉના વિવાદના સમાધાનને લઈને બનેલી આ ઘટનાએ સ્થાનિક રાજકીય વર્તુળોમાં પણ ચર્ચા જગાવી છે.

અમરેલી 11.4 ડિ.સે. સાથે રાજ્યમાં સૌથી ઠંડું

રાજ્યના અનેક વિસ્તારોમાં લઘુતમ તાપમાન સામાન્ય કરતાં નીચું ઊતર્યું

અમદાવાદ : ગુજરાતમાં શિયાળાએ હવે જમાવટ શરૂ કરી છે. ઉત્તર-પૂર્વ દિશામાંથી ફૂંકાઈ રહેલા ઠંડા અને સૂકા પવનોની અસરથી રાજ્યભરમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થતાં વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અહેસાસ વધુ તીવ્ર બન્યો છે. હવામાન વિભાગના આંકડા પ્રમાણે અમરેલી 11.4 ડિ.સે. લઘુતમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડું મથક રહ્યું હતું, જ્યારે નલિયામાં 11.8 અને ગાંધીનગરમાં 12 ડિ.સે. તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યમાં હવામાન સૂકું રહ્યું હતું. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં લઘુતમ તાપમાનનો નોંધપાત્રથી તીવ્ર ઘટાડો થયો હતો. દક્ષિણ ગુજરાત અને કચ્છમાં પણ પારો નીચે ઉતર્યો હતો. કચ્છમાં તાપમાન સામાન્ય કરતાં નોંધપાત્ર નીચું, જ્યારે ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં સામાન્ય કરતાં નોંધપાત્ર ઓછું રહ્યું હતું.

BUSINESS મિત્ર

નિફ્ટીમાં છ વર્ષમાં સૌથી મોટો ચાર સપ્તાહનો ઉછાળો

એક મહિનામાં નિફ્ટી 14 ટકા ઉછળી 25,800ના સ્તરે, છ મહિનાની નવી ઊંચાઇ બનાવી: બેન્ક અને ઓટો સેક્ટરમાં સૌથી વધુ તેજી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 21: ભારતીય શેરબજારમાં છેલ્લા ચાર સપ્તાહથી સતત તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. વૈશ્વિક બજારોમાંથી મળેલા સકારાત્મક સંકેતો અને સ્થાનિક રોકાણકારોની સતત ખરીદીને પગલે નિફ્ટીમાં છેલ્લા છ વર્ષનો સૌથી મોટો ચાર સપ્તાહનો ઉછાળો નોંધાયો છે. છેલ્લા એક મહિનામાં નિફ્ટી અંદાજે 14 ટકા વધીને 25,800ના સ્તરની નજીક પહોંચી ગયો છે, જે છેલ્લા છ મહિનાની ઊંચી સપાટી છે. બીજી તરફ સેન્સેક્સમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.

બજારમાં આ તેજી પાછળ બેન્કિંગ, ઓટો, હેલ્થકેર અને અન્ય અગ્રણી ક્ષેત્રોની કંપનીઓના શેરોમાં થયેલી ખરીદીનો મોટો ફાળો રહ્યો છે. ખાસ કરીને સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, મારુતિ સુઝુકી અને મેક્સ હેલ્થકેરના શેરોએ શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. બેન્કિંગ ક્ષેત્રમાં સુધારા સાથે ઓટોમોબાઇલ અને હેલ્થકેર શેરોમાં પણ રોકાણકારોનો રસ વધ્યો છે.

સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજારમાં તેજી જળવાઈ રહી હતી. બીએસ સેન્સેક્સ 897.96 પોઇન્ટ એટલે કે 1.08 ટકા વધીને 83,919.71ના સ્તરે બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન સેન્સેક્સમાં મજબૂત ખરીદી જોવા મળી હતી. બજારમાં વધતા વિશ્વાસને પગલે રોકાણકારોની સંપત્તિમાં પણ વધારો થયો હતો.

નિફ્ટી પણ સતત નવી ઊંચાઈ તરફ આગળ વધી રહ્યો છે. ચાર સપ્તાહની સતત તેજીએ બજારના સેન્ટિમેન્ટમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. ખાસ કરીને અગાઉના ઘટાડા બાદ બજારમાં પાછી આવેલી ખરીદી સૂચવે છે કે રોકાણકારો ફરીથી ઇક્વિટી માર્કેટ તરફ વળી રહ્યા છે.

બજારની તેજીમાં બેન્કિંગ શેરોનું યોગદાન મહત્ત્વનું રહ્યું છે. એસબીઆઈ સહિત અગ્રણી બેન્કોના શેરોમાં ખરીદી જોવા મળી છે. આ ઉપરાંત મારુતિ સુઝુકી અને અન્ય ઓટોમોબાઇલ કંપનીઓના શેરોમાં પણ સારો દેખાવ નોંધાયો છે. મેક્સ હેલ્થકેર સહિત હેલ્થકેર ક્ષેત્રની કંપનીઓમાં રોકાણકારોની ખરીદીએ બજારને ટેકો આપ્યો છે.

નિફ્ટીના ટોપ ગેઇનર્સમાં કોટક બેન્ક, એચડીએફસી બેન્ક, મારુતિ સુઝુકી, અલ્ટ્રાટેક સિમેન્ટ અને બજાજ ફાઇનાન્સનો સમાવેશ થયો હતો. જ્યારે ટાઇટન, ટાટા સ્ટીલ, એનટીપીસી, હિન્દ યુનિલિવર અને સન ફાર્માના શેરોમાં ઘટાડો નોંધાયો હતો. છેલ્લા ચાર સપ્તાહની તેજીથી શેરબજારમાં રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે. જોકે, બજાર સતત ઊંચા સ્તરે પહોંચતું હોવાથી આગામી દિવસોમાં નફારૂપી વેચવાલીનું દબાણ પણ જોવા મળી શકે છે. વૈશ્વિક બજારોની ચાલ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની પ્રવૃત્તિ અને સ્થાનિક આર્થિક સ્થિતિ બજારની આગામી દિશા નક્કી કરવામાં મહત્ત્વની રહેશે.

રોકાણકારો માટે હાલની તેજી ઉત્સાહજનક છે, પરંતુ ઊંચા વેલ્યુએશનને ધ્યાનમાં રાખીને પસંદગીના શેરોમાં જ સાવચેતીપૂર્વક રોકાણ કરવું જરૂરી બનશે. ચાર સપ્તાહની આ તેજી ભારતીય શેરબજારની મજબૂત પુનરાગમન ક્ષમતા દર્શાવે છે.

2027ના અંત સુધીમાં બ્રેન્ટ ક્રૂડ ઘટીને $70 સુધી પહોંચવાનો અંદાજ

બિન-OPEC+ દેશોમાં ઉત્પાદન વધવા અને ચીનની નબળી માંગને કારણે ભાવમાં રાહત મળવાની શક્યતા

મુંબઈ, તા. 21: 2027ના અંત સુધીમાં ક્રુડ ઓઈલના ભાવમાં થોડી રાહત જોવા મળશે અને બ્રેન્ટ ક્રૂડ $70 પ્રતિ બેરલ સુધી પહોંચશે તેવું JM ફાઇનાન્શિયલનું અનુમાન છે. આ જ દિશામાં ગોલ્ડમેન સૅક્સનો અંદાજ છે કે ક્રુડના ભાવ $78 સુધી જશે.

બે મુખ્ય પરિબળો વૈશ્વિક ક્રુડ ઓઈલના ભાવને અસર કરી રહ્યા છે. એક તરફ, પુરવઠો વધવાની ધારણા છે, જ્યારે બીજી તરફ, મધ્ય પૂર્વમાં તણાવના કારણે કિંમતો ઊંચી રહી શકે છે. ત્યારે પ્રશ્ન એ છે કે શું 2027 માં ક્રુડ ઓઈલ સસ્તું થશે, અને વધુ મહત્વનું એ છે કે શું તે યુદ્ધ પહેલાના સ્તરે પાછું આવશે. આ મુદ્દા પરનો તાજેતરનો અહેવાલ JM ફાઇનાન્શિયલ તરફથી આવ્યો છે, અને ગોલ્ડમેન સૅક્સે પણ ચાર દિવસ પહેલા જ આ મુદ્દા પર અહેવાલ આપ્યો હતો.

ચાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.		૭૫/૩૬ ,,	૧૫૪	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ,,	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૪૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫	૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧